# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


**પ્રેસનોટ** તા. ૨૯.૧૨.૨૦૧૭

ભારતીય જનતા પાર્ટીના અગ્રણી અને પૂર્વ કેબીનેટ મંત્રીશ્રી બાબુભાઈ બોખીરીયાએ એક અખબારી નિવેદનમાં જણાવ્યું છે કે, ગુજરાતમાં ભાજપાની "સૌના સાથ, સૌના વિકાસ" મંત્રને જન-જનમાં સાકાર કરતી સરકારને પુન: સત્તાના સુત્રો ગુજરાતની જનતા જનાર્દને સોંપ્યા છે તે બદલ જનતા જનાર્દનને અભિનંદન આપું છું. ગુજરાતની મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલના વડપણ હેઠળની સરકારને શુભેચ્છા પાઠવું છું.

તેઓએ જણાવ્યું હતું કે, ભારતીય જનતા પાર્ટીની સંગઠનાત્મકતા અને એકાત્મતા એ આગવી વિશેષતા છે. ભાજપામાં જોડાતા કાર્યકરો માટે પદ કરતા પાર્ટીનું મહત્વ વધારે હોય છે. પાર્ટીમાં સતત જવાબદારી બદલાતી રહે છે.

તેઓએ વધુમાં જણાવ્યું છે કે, મારાં નામ સાથે સાંકળીને કેટલીક બાબતો અખબારમાં અને ચેનલોમાં પ્રગટ થાય છે તે સત્યથી દૂર છે. ભાજપા મારી માતૃસંસ્થા છે. ભાજપાનો હું સૈનિક છું. પોરબંદર અને સમગ્ર ગુજરાતમાં જન-જનનું કલ્યાણ મારો જીવનમંત્ર છે. હું નથી દુ:ખી કે નથી નારાજ. હું આનંદમાં છું અને સેવામાં કાર્યરત છું.